Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

પરિપત્ર

સંદર્ભ : FileNo: PG/scheme/019591/2026,Dt: 27/10/2026 પર મળેલ આદેશ.

અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટની બેઠકો નિયત કરાયેલ છે ત્યાં વિદ્યાર્થીઓને " **પ્રોત્સાહન શિષ્યવૃત્તિ** " એનાયત કરવા સમિતિ ધ્વારા મંજૂર કરેલ છે. જે અન્વયે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ/અનુસ્નાતક કેન્દ્ર માં વિવિધ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા હાયર પેમેન્ટ પર પ્રવેશ મેળવેલ ભાગ–૧ (પ્રથમ–દ્વીતીય સેમેસ્ટર) અને ભાગ–૨ (પ્રથમ–દ્વીતીય સેમેસ્ટર) ના વિદ્યાર્થી પૈકી જે વિદ્યાર્થીએ યુનિવર્સિટી ધ્વારા લેવાતી પરિક્ષામાં (ઈન્ટર્નલ માર્કસ ધ્યાનમાં લીધા સિવાય) સૌથી વધુ માર્કસ અભ્યાસક્રમદીઠ મેળવેલ હોય, તેવા ફકત એક જ વિદ્યાર્થી પાસેથી આ સાથેના નિયત પત્રકમાં અરજી કરાવી, વિભાગના વડાશ્રી/પ્રોફેસર ઈન્ચાર્જ–આચાર્યશ્રી ની ભલામણ સાથે તારીખ **૩૦/૧૧/૨૦૨૬** સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવા વિનંતી છે. નિયત સમય બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.તેની અચુક નોંધ લેવી.

" પ્રોત્સાહન શિષ્યવૃત્તિ " માટેની નીચે મુજબની રૂપરેખા નકકી કરવામાં આવેલ છે, જે અવલોકનમાં લઈ ભલામણ કરવા વિનંતી છે.

(૧) હાયર પેમેન્ટ સીટની જોગવાઈ હોય તેવા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં જ **"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ"** નો અમલ કરવાનો રહેશે.

(૨) અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતાં અનુસ્નાતક કેન્દ્રો અને યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટની બેઠકો નિયત કરાયેલ છે ત્યાં જ યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાએ **યુનિવર્સિટી દ્વારા લેવાતી વાર્ષિક પરીક્ષાના પરિણામમાં ઈન્ટરનલ માર્કસ સિવાયના સૌથી વધુ / ઉચું પરિણામ ધરાવતા વિષય દીઠ પ્રથમ વર્ષ અને બીજા વર્ષનાં વિદ્યાર્થીઓ પૈકીના ફકત ૧ (એક) વિદ્યાર્થીને વાર્ષિક રૂા.૨૦૦૦ /– "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવામાં આવશે.જેથી વિષય દીઠ ઉચું પરિણામ ધરાવતા ફકત એક જ વિદ્યાર્થીની અરજી મોકલવાની રહેશે.**

"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" નો ખર્ચ હાયર પેમેન્ટ ફી ની આવકમાંથી કરવાનો રહેશે. યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રો / ડિપાર્ટમેન્ટોમાં જયાં હાયર પેમેન્ટ ની બેઠકો શુન્ય રહે તો ત્યાં યુનિવર્સિટીના હાયર પેમેન્ટ ફંડ માંથી સદર ખર્ચ કરવો. યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટો કે જયાં હાયર પેમેન્ટ ની ફી યુનિવર્સિટીમાં જમા કરાવાની નથી અને જે તે ડિપાર્ટમેન્ટોમાં જ જમા રહે છે, ત્યાં ડિપાર્ટમેન્ટ દ્વારા હાયર પેમેન્ટ ફંડ માંથી સદર ખર્ચ કરવો.

(૩) અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષની અને બીજા વર્ષની પ્રોત્સાહન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે યુનિવર્સિટીમાંથી પરિણામ જાહેર થયેથી વિદ્યાર્થી દ્વારા માર્કશીટની નકલ રજૂ કર્યેથી કોલેજના આચાર્યશ્રી / યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટના વડાશ્રીએ અભ્યાસક્રમ દીઠ વિદ્યાર્થીઓના નામોની વિષયવાર યાદી યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં મોકલવાની રહેશે. યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાંથી દરેક કોલેજો / યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટોની વિષયવાર એક સંયુકત યાદી તૈયાર કરી મા.કુલપતિશ્રી સમક્ષ રજૂ કરવાની રહેશે. મા.કુલપતિશ્રીને પ્રોત્સાહન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટેની સત્તા આપવામાં આવે છે.

(૪) "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" માટે વિદ્યાર્થીઓની ઉમર તથા જાતિને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. 'પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" ફકત અને ફકત મેરીટ માર્કસ પ્રમાણે જ એનાયત કરવાની રહેશે. જે કોઈ વિદ્યાર્થીને"પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" એનાયત કરવામાં આવે તે અન્ય કોઈપણ પ્રકારની શિષ્યવૃત્તિ લઈ શકશે.

(૫) જે કોઈ વિદ્યાર્થીઓનાં પરિણામમાં રી–ચેકીંગ કે રી–એસેસમેન્ટ નાં કારણે સુધારો થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને આ "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" નો લાભ મળવાપાત્ર થશે નહિ.

(૭) "પ્રોત્સાહન શિષ્યવૃત્તિ" મેળવનાર વિદ્યાર્થી પરીક્ષા સબંધિત ગેરરીતિ કે યુનિવર્સિટી સબંધિત અન્ય કોઈ અનિચ્છીય બાબતો સાથે સંકળાયેલ હોવો જોઈએ નહિ.

બિડાણ : ઉપર મુજબ

ક્રમાંક : પીજી/પરિપત્ર/૨૫૫૮૪/૨૦૨૬
તા.૨૯/૧૦/૨૦૨૬

કુલ સચિવ

નકલ સવિનય રવાના ..... *જાણ તેમજ ઘટતી કાર્યવાહી માટે....*

(૧) યુનિવર્સિટીના તમામ ડિપાર્ટમેન્ટના વડાશ્રી,
(૨) યુનિવર્સિટી સંલગ્ન અનુદાન પાત્ર કોલેજનાં આચાર્યશ્રી,
(૩) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.